



## રતનપુર ડુંગડોલ બોર્ડર સરપંચ તલાટી અને ગ્રામજનોએ સીલ કરી

કોરોનાવાયરસ ને લઈ અત્યારે સમગ્ર રાજ્યની બોર્ડ નો સીલ કરી દેવામાં આવી છે ત્યારે ગઈકાલે ધાનેરામાં મામલતદાર દ્વારા ધાનેરા તાલુકાને અડીને આવેલી રાજસ્થાની ૧ ૨ જેટલી બોરોસિલ કરવા માટે આદેશ કરવામાં આવ્યા છે ત્યારે આજે મોટા પ્રમાણમાં લોકો રાજસ્થાન થી ગુજરાત તરફ આવી રહ્યા હતા ત્યારે વહેલી સવારથી જ ડુગડોલ સરપંચ તલાટી અને ગ્રામજનો દ્વારા લોકોને સમજાવવાની કામગીરી કરવામાં આવતી હતી પરંતુ લોકો ન સમજતા આખરે સરપંચ તલાટી અને ગ્રામજનોએ આજે ભેગા મળી ગુજરાત રાજસ્થાન બોર્ડર પર આવેલી રતનપુર બોર્ડર ને શીલ કરી છે.

# લોકડાઉનના અમલમાં શહેરો કરતા ગામડાઓ મોખરે

## તમામ તાલુકાઓમાં યુવાનોએ ગામના પ્રવેશદ્વારે આડશો મુકી દીધી

હિંમતનગર, તા. ૯

કોરોના વાયરસને પગલે ગુજરાત સહિત સાબરકાંઠાનું જનજીવન ઠપ્પ થઈ ગયુ છે. દરમિયાન બે દિવસ અગાઉ સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પોઝેટીવ કેસ નોંધાયા બાદ તંત્રએ આ રોગને ફેલાતો અટકાવવા માટે તાકીદે જાહેરનામુ બહાર પાડીને શહેરો અને ગામડાઓને લોડાઉનનો કડક અમલ કરી શહેર તથા ગામમાં એકજ પ્રવેશદ્વાર ચાલુ રાખવાના આદેશ કર્યા બાદ બુધવારથી હિંમતનગર સહિત જિલ્લાના અનેક ગામડાઓમાં તેનો કડક અમલ શરૂ થઈ ગયો છે.

જો કે શહેરો કરતા ગામડાઓમાં આ વખતે રોગચાળાનો ઉપદ્રવ અગાઉના વર્ષો કરતા ઓછો દેખાઈ રહ્યો છે તેમ છતાં કોરોના વાયરસના પગલે તંત્ર દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જોર કર્યા બાદ ગામડાઓમાં તેની





અસરો ભલે ઓછી દેખાઈ રહી છે જે દિવસથી કલમ ૧૪૪નો અમલ શરૂ કરાયો તે દિવસથી ગામડાઓમાં મહોલ્લાના નાકે તથા જાહેર સ્થળો પર ધારાસભ્ય તથા અન્ય પદાધિકારીઓએ સગવડ માટે મુકેલા બાંકડા ઉંધા પાડી દેવામાં આવ્યા છે જેને લઈને ખાસ કરીને રાત્રે અથવા સવારે આ બાંકડા ઉપર બેસતા લોકો ઘરોમાં ભરાઈ ગયા છે.

તો બીજી તરફ બુધવારથી ગામડાઓમાં એક સિવાયના તમામ પ્રવેશદ્વારા બંધ કરવાના તંત્રએ કરેલા આદેશો બાદ હિંમતનગર સહિત તાલુકાના વિરપુર, ઈલોલ સહિત અન્ય તાલુકાઓમાં રસ્તાઓ પર આડશો મુકીને અવરજવર બંધ કરી દેવામાં આવી છે. પ્રાંતિજ તાલુકાના સલાલથી મોયદ જતા રોડ પર ગામના યુવાનોએ કોરોનાથી થનારા સંક્રમણને અટકાવવા માટે રસ્તાઓ બંધ કરી દીધા છે તેજ પ્રમાણે પોગલુથી સોનાસણ જતો રસ્તો પણ બંધ કરી દેવામાં આવ્યો છે. હાલ તો શહેરો કરતા ગામડાઓમાં રહેતા લોકો લોકડાઉનને સહયોગ આપીને સલામતી અનુભવવામાં મોખરે રહ્યા છે.

તો બીજી તરફ હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીઓમાં પ્રવેશવાના રસ્તાઓ પર પથ્થરોની આડશો મુકીને જનતાજોગ લખાણ લખીને સોસાયટીમાં પ્રવેશ નહી કરવા માટે વિનંતી કરતા બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. જો કે આ લોકડાઉનનો સમયગાળો તા. ૧૪ એપ્રિલ પછી લંબાશે કે નહી તે અંગે સાબરરકાંઠાવાસીઓએ શનિવાર સુધી રાહ જોવી રહી છેમ છતાં જો લોકડાઉન હળવુ બનાવવામાં આવે તો પણ તેનો તબક્કાવાર અમલ કરી શકાય તેમ છે. નિર્ણય સરકાર અને અધિકારીઓને કરવાનો છે પ્રજાએ તો માત્ર તેનુ પાલન કરવાનું છે.

## ડીસા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પાન-મસાલાના ભાવ બેકાબુ

### લેભાગુ વેપારીઓની ઉઘાડી લૂંટ : શોખીનો મજબુર

નોવેલ કોરોના વાયરસના કારણે લોક ડાઉનની જાહેરાત થતા જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના વેચાણ સિવાય તમામ ધંધા રોજગાર પર તાળા લાગી ગયા છે. તેમછતાં ડીસા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં કરિયાણાની દુકાને તેમજ સ્ટોર ઉપર પાન મસાલા અને માવા સહેલાઈથી મળી રહ્યા છે. એટલું જ નહીં, તેના ધૂમ કાળાબજારનો ધંધો શરૂ થઈ ગયો છે. શોખીન બંધાણીઓ ત્રણ થી ચાર ઘણા ભાવ ચૂકવીને નશાને પોષી રહ્યા છે.ત્યારે ડીસા તાલુકાના ગામડાઓમાં માવા



-ગુટખા જેવી વસ્તુઓનું ચોરીછુપીથી કાળા બજારમાં વેચાણ થઈ રહ્યું છે.લેભાગુ વેપારીઓ બંધાણીઓની મજબૂરી અને ગરજનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે ત્યારે પોલીસ સજાગતા દાખવી આવા વેપારીઓને પકડીને દાખલા રૂપ સજા ફટકારે તો બંધાણી ઓને પણ રખડવાનો મોકો ના મળે જેથી લોક ડાઉનનું પણ પાલન થાય.

હાલમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુની આડમાં પાન મસાલા ગુટખા તેમજ માવાનુ વેચાણ થઈ રહ્યું છે.લોકડાઉનના સમય માં તમામ દુકાનો બંધ રહેતા કેટલાક પાર્લર માલિકો પાન મસાલા અને ગુટખા ત્રણ થી ચાર ગણો ભાવ લઈને ઘરેથી પણ વેચાણ કરી રહ્યા છે.તો અમુક લોકો તો હોમ ડિલિવરી પણ આપી રહ્યા છે. લોક ડાઉનલોડમાં સૌથી વધુ નફો આ ધંધામાં થઈ રહ્યો છે.તો આવા વેપારીઓ સામે પોલીસે લાલ આંખ કરવાની જરૂર છે.

## મેઘરજ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર હોમ ક્વોરોન્ટાઈનનો ભંગ કરી ફરાર

### આરોગ્ય તંત્રમાં દોડધામ ફરિયાદ નોંધવા તજવીજ

મેઘરજ, તા. ૯

કોરોના વાઈરસ વૈશ્વિક મહામારી જાહેર થઈ ચુકી છે આમ છતાં અમુક નાગરિકો ગંભીરતા દાખવતા નહી હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે, વિદેશ, આંતરરાજ્ય કે જિલ્લા કે પછી કોરોના ગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા નાગરિકોને ફરજીયાત ૧૪ દિવસ હોમ ક્વોરન્ટાઈન રહેવાનું હોય છે અને જો તેનું પાલન ન કરે તો ફોજદારી ગુનો નોંધવામાં આવે છે. રાજ્યમાં હોમ ક્વોરન્ટાઈનનો ભંગ કરનાર લોકો સામે આઈપીસી કલમ-૨૭૦, ૧૮૮ અને ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ કલમ-૩ મુજબ અનેક ગુન્હા નોંધવામાં આવ્યા હોવા છતાં અનેક લોકો હોમ ક્વોરન્ટાઈનનો ભંગ કરી લોકોની જિંદગીને જોખમમાં મૂકી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજની બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં ફરજ બજાવતા બેંક મેનેજર દિવ્યાંગ જાનીને આરોગ્યતંત્રએ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા હોવા છતાં ફરાર થઈ જતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી હતી. આરોગ્ય વિભાગે પોલીસ ફરિયાદ નોંધવા તજવીજ



હાથ ધરી હતી.

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ બરોડા ગ્રામીણ બેંકના મેનેજર દિવ્યાંગ જાની ૨૩ માર્ચથી અમદાવાદ હતા, મંગળવારે મેઘરજ બરોડા ગ્રામીણ બેંકમાં હાજર થઈ ફરજ બજાવી હતી. આરોગ્ય વિભાગને દિવ્યાંગ જાની અમદાવાદથી પરત ફરી સીધા બેંકમાં ફરજ બજાવી હોવાની જાણ થતા બુધવારે આરોગ્યતંત્ર મેનેજરના રહેઠાણ સ્થળે પહોંચી મેનેજરની તપાસ કરી હોમ કોરન્ટાઈન અંગે જાણ કરી ઘર આગળ સંપર્ક : નિષેધની નોટિસ લગાવી ઘરે રહેવા અને સૂચનાનું પાલન કરવા તાકીદ કરી હતી. ગુરુવારે સવારે બેંક મેનેજર દિવ્યાંગ જાની હોમ કોરન્ટાઈનનો ભંગ કરી ઘરે તાળું મારી ફરાર થઈ જતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી હતી. આરોગ્ય વિભાગે બેંક સહીત સંભવિત સ્થળે તપાસ કરવા છતાં બેંક મેનેજર મળી ન આવતા આરોગ્ય અધિકારીએ બરોડા ગ્રામીણ બેંકના મેનેજર દિવ્યાંગ જાની સામે ધી એપેડેમિક ડિસીઝ એક્ટ હેઠળ તથા બીજી કલમો હેઠળ ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

મેઘરજ બરોડા ગ્રામીણ બેંકના મેનેજર દિવ્યાંગ જાની ૨૩ માર્ચથી અમદાવાદ રોકાયા બાદ મંગળવારે ફરજ પર પરત ફરતા આરોગ્યતંત્રએ હોમકોરન્ટાઈન કરતા બેંકમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં અને ગ્રાહકો સ્વાસ્થ્યને લઈને ચિંતિત બન્યા છે. મેઘરજના જાગૃત નાગરિકોએ લોકોના સ્વાસ્થ્ય જોખમાય તેવી સ્થિતિ પેદા કરનાર અને મેઘરજ નગરમાં ભયનો માહોલ સર્જનાર બેંક મેનેજર દિવ્યાંગ જાની સામે શખ્ત કાનૂની કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## મોડાસાના લાલપુર કંપાના પ્રવેશદ્વારે સૅનેટાઇઝ મશીન સ્પ્રે

મોડાસા, તા. ૯

કોરોનાનો કહેરે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે ગુજરાતમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. કોરોનાના સંક્રમણથી બચવા માટે લોકો સૅનેટાઈઝર અને માસ્કનો ઉપયોગ કરી રહ્યા છે, કેટલાક લોકો પોતાની કોઠાસૂઝની મદદથી કોરોના સામે જંગ લડવા પ્રયત્નશીલ બન્યા છે, અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લાલપુરકંપા ગામમાં સરપંચ અને ગ્રામજનોએ ગામના તમામ રસ્તા બંધ કરી એકજ પ્રવેશદ્વાર રાખી પ્રવેશદ્વાર પર સેનેટાઈઝર સ્પ્રે મશીન લગાવી ગામમાં પ્રવેશનાર લોકોને સેનેટાઈઝ




થઈને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

સમગ્ર ભારતભરમાં કોરોના વાઈરસ દ્વારા મહામારી ચાલી રહી છે ત્યારે કોરોનાથી બચાવ માટે સોશ્યલ ડિસ્ટન્સ અને સેને ટાઈઝરનો ઉપયોગ કરવાની વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ફરજ પાડવામાં આવી છે ત્યારે અરવલ્લ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લાલપુર કંપામાં સાવચેતીના ભાગરૂપે અનોખી પહેલ ચાલુ કરી છે જેમાં કંપામાં આવવા જવા માટે એક જ પ્રવેશ દ્વાર રાખવામાં આવ્યો છે તેમજ કંપાના લોકોએ ભેગા થઈને ઓટોમેટિક સેનેટાઈઝર મશીન પણ બનાવાયું છે જે પ્રવેશ દ્વારે લગાવવામાં આવ્યું છે.



## ધાનેરા તાલુકાના જડીયા ગામે ખાતર લેવા ખેડૂતોની લાઈન લાગી

અત્યારે ખાતરની અછતને લઈને ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે એક તરફ ખેડૂતોને ખાતર ન મળતા ખેડુતોએ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે આજે ધાનેરા તાલુકાના જડીયા ગામે ખાતર નું વિતરણ કરતા ખેડૂતોની લાંબી લાઈન લાગી હતી અને મોટી સંખ્યામાં ખેડૂતો ખાતર લેવા માટે ઉમટી પડ્યા હતા.

## ખેડબ્રહ્મા શહેરમાં સોસાયટીઓમાં સ્વયંભુ લોકડાઉન

ખેડબ્રહ્મા, તા. ૯

સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોના વાઈરસ ની મહામારી નો વ્યાપક ફેલાવો થઈ રહ્યો છે ત્યારે ભારતમા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસ નુ લોક ડાઉન જાહેર કર્યુ હતુ ત્યારે ખેડબ્રહ્મા મા પણ લોક ડાઉન નુ પાલન કરવા માટે લોકો તૈયાર થયા હતા પણ જ્યારે સાબરકાંઠા મા ૧ કેસ પોઝિટીવ આવતા તંત્ર એલર્ટ મોડ મા આવતા ખેડબ્રહ્મા ના સોસાયટી વિસ્તાર મા રહિશો એ જાતે જ લોક ડાઉન કર્યુ છે.

ખેડબ્રહ્મા ના સ્ટેશન વિસ્તાર મા આવેલ વોર્ડ



નંબર ૩ મા સોસાયટી ઓ મા રહેતા રહેવાશી ઓ એ સોસાયટી માથી કોઈ બહાર ના જાય કોઈ પણ અંદર ના આવે એ માટે સોસાયટી ઓ લોકો ડાઉન કરેલ છે બ્રહ્મામાં બંગ્લોઝ, શ્રીજી બંગ્લોઝ,જય અંબે,જલારામ, રામેશ્વર નગર, માળી વાસ ,તેરાપંથ પાછળ ની આખો એરિયા ને બંધ કરી ને બોર્ડ લગાવવામાં આવ્યા છે કે સરકારી કર્મચારી શિવાય કોઈએ પ્રવેશ કરવો નહી.. કોરોના ને રોકવા આ નિર્ણય કર્યો છે.કોઈ સોસાયટી ના અંદર બહાર ના કરે તો બજાર મા પણ લોકો ના ભીડ નહિવત થાય અને કોરોના નો ભય પણ ના રહે તે હેતુ થી લોક જાગૃતિનું ઉદાહરણ આપ્યુ છે.